ગુસ્તાદ ઘામટ.

ફાર્સ એક અંકી.

વિકટોરિયા નાટક મંડલીને માટે

લખનાર

ખુરશેદજી મેહરવાનજી બાલીવાલા.

મુંબઈ:—

જ્હા. ર. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપ્યોછે.

સન ૧૮૯૩.

કિમત બે આના.

ગુસ્તાદ ઘામટ.

[દીવાનખાનાની વચલી દીવાલપર બરોબર વચમાં એક બારી, જેની ઉપર કરટન નાખેલીછે; બારીની જમની તથા ડાબી બાજુ તરફ દીવાલમાં એક એક બારણું; તથા બારીની ડાબી બાજુ તરફ એક કબાટ; વચમાં ટેબલ, ઈજીચેર, ખુરસી, ઇત્યાદી દેખાયછ. વખત સમી સાંહાંજનો. શીરિન ફરવા ગિયાંછ, તેથી સુના બારી આગળ ઉભી રહી રાહ જોયછ. બારીની દીવાલપર બાહરથી સીડી મુકેલી જોઈ સુના ચિરડાયછે.]

સુના——હેનુ હીનું હરે તે કરિયો. નકામો જીવ કહડાવી મરે! મુવાને કેહલું, કે ચુનો લગાડીને હીડી ઉચકી લાખજે, પણ જહાંની ત્હાંજ જોંહી ગિયેલો! [થોભીને] હેડેબી હું બંગલો હોંચી કાહયડો! હેરે ઘેરે વહવાનુ મેલી દઇને જંગલમાં લાવી લાયખાં! હાંજેતો જાણે કડવા આવે! મન જાણે કે હવા ફેર બદલ કરવા મુમ્બઇથી આવેલા, ને પોતે તો મગ્ગભઈજ ઢેલા ખાયા કરે, ને દોહતારો હાથે રાંડો નચાયવા કરે! બલા જાણે, કે બૈરી ઝુરતી હોહે, કે મરતી હોહે, પણ જીવને તો દુખ દેખાડ! [કમ્પાઉન્ડમા જોઇને] ઇયે! એ બાઈ ખાવેલાં કેમ આવે? એ પાછલ અજાણો પાહણો કોન?

[સુના બારિયેથી તુરત જમની બાજુના વચલાં બારણાં તરફ જાયછે, ને બારણું ઉંગાડી ઘભરાયલાં શીરીનને અંદર લેછ, શીરિન અંદર આવી તુરત સ્ટૉપર ફેરવી બારણું બંધ કરેછ.]

શીરિન——[ગુસ્સામાં] હત તુ મરે મુવા ચોર! મુવા ચક્રમ!

સુના———[અચરતીથી] હું કે બાઈ! કેહોતો ખરાં.

શીરિન——મુવો કોઇ ઘેલા જેહવો બે દહાડા થયા પુંઠે પુંઠે ફરિયાં કરેછ, ને આજે તો ઘેર સુધી પછવાડે આવવાની હિમ્મત કિધી!

ગુસ્તાદ——[બાહરથી] અરે હું ઠેલો નટી–ઠગ બાજુ હુંદારો–બાપના ટમ, હુટો ડાઓ ટઉ.

શીરિન——મુવો ઓડાની બિલકુલ ખિસેલો છે, ને કેહજે "ઘેલો નથી!"

સુના———લે કાકા, હવે અમોલા અમોલા હધાવો, નહીં તો હાલ પામગી ઓઢ હો!

ગુસ્તાદ——વાઈ હું ટઢાણિટ! પણ પાટું આવવા ઢમોઠતો આવટ–બાપના ટમ, ઢરર આવટ.

[સુના બારિઓથી ચીમધને જોયછ.]

શીરિન——મર મુવા પોણ્યા! મુવો બેહયા નકટ નાકે કેહછ, કે "ઢમોઠો આવટ."

[ગુસ્તાદ જાયછ, હેવું સુના હાથના ઇસારાથી શીરિનને જણાવી નજદીક આવેછ.]

સુના———એ કૌન, મુવો ઉતો કૌન?

શીરિન——બલા જાણે મ્હાગી કે કૌન મુવોછ! [બંને બેશેછ] મુવો કોઈ ભૂસા વગરનો તો દેખાયછ! મુવાએ પરમદહાડની પૂઠ પકડ'તી, ને આજે તો સાહેબજી કરવાનીબી હીમ્મત કિધી! સારૂં થયું કે બંગલો નજદીક ઉતો, ને અંદર ભરાઈ ગેઈ!

સુના———હેઠ જો ઘેરમાં હોય, તો હાવી ગ્હવઇ થાય? બાલી ઘેર જોઇને કોઇબી જૅમાય, કે કૌન હોહે!

શીરિન——છેલ્લાં કાગળમાં લખ્યુંતું, કે આજ કાલમા આવસે, મેં કંઇ ઠેકાણું નહીં મલે! મુવા દોસતદારો પીછો મૂકી મરે ત્યારે કેની! પૈસાને બિવે મુવા મધપર માખ જાણે

તેમ ભમે, ને રાંડોના નાચ કરાવી ગાયન સાંભળવાને બ્હાને ઠીઠી ઠાઠા કરી મરે!

સુના——રાંડોના નાચને બદલે તો એવા નાટકમાં જતા હતા તે ઠીક હતું.

શીરિન——જુવો નાટકનાબી તે ઢંગઢડા આજકાલ કાંઇ બદલ્યાછે! પેલો બાલીવાલો, મહમુદ ગજનવી, આગ્રકા ખુન, ને નિગાહે ગફલત જેહવા, હિસ્ટોરીકલ ને સોગિયલ ખેલો કરતો તો, તેની ભજવવાની કાની બવાડો લઈ બેઠો છે! પેહલાંતો પ્લૉટ, લખાણ, ને એકટીંગપર નાટકનો આધાર હતો, ને આજે તો તબલાની થાપ, ને કાફિયા રચનાની તાપ સાથે લાંબાં લાંબાં ગાયન ગાયાં, એટલે નાટક સારો થયો!

સુના——વલી એવા છાપાવાલાતો વખાણ કરે, તે હેઠ છાપામાં વાચીને લ્હેમુને હમગલાવતા હતા.

શીરિન——નાટકો કેહવી ઢબના લખાવવા, તથા કેહવી ઢબે બાજી બતાવવા, તે જો છાપાવાલાઓ સ્વતંત્ર મતે લખતા રેહ, તો પોતાની મેળે હાલના નાટકનો રંગ ઢંગ થોડા વખતમા બદલાય; પણ જ્યારે "બધાજ નાટક ખરાબ નથી" એમ લખે, ત્યારે નાટકવાલાઓની સારા નાટક લખવાની, ને બાજી બતાવાની કાલજી શું કામ કરે? કારણકે તમાશગીરોને તો બધા નાટકો પસંદ પડેછે.

[બારી આગલ ખખડાટ થવાથી શીરિન ચોકેછે.]

એ બારી આગલ શું ખખડાટ થયો?

સુના——[બેદરકારીથી] હું થાય જો? બીલ્લીનારે!

[સુના બારી ઉઘાડીને જોઇને ચોકેછે.]

અરે બાઈ ઓલોજ! કરિયાએ ભીતપર નીસરણી મુકેલી, તેની પર ચ્હડીને આવતો છે.

[શીરિન ઝડપમા બારી આગલ જઈ, જોઇને ચોંકેછે.]

શીરિન——આ ખુદા હવે શું કરૂં! એતો પેલો [illegible] સમજી છે!
સુના, જલ્દી બારી બંધ કર.

[સુના બારી બંધ કરવા [illegible], તેટલાં ગુ-
સ્તાદનું મોહું દેખાય છે; [illegible] ડાબી બા-
જુના [illegible] તરફ [illegible] રેહછ.]

ગુસ્તાદ——કેમ? મેં કહ્યું હતું, [illegible] પગો આવશે? આપના કેમ,
મ્હને કેર આટલા કમ [illegible].

શીરિન——સુના, મરે [illegible] શું [illegible]? સુના ને [illegible] હકેલો, ને
ભગડાવી દેવા [illegible]!

[[illegible] શીરિન ડાબી બાજુના ઓરડામા
[illegible] બંધ કરે છે.]

ગુસ્તાદ——આપના કેમ, હું [illegible], [illegible], પન [illegible]
પીટો નહીં [illegible] [illegible] ટાની [illegible] હેલા
[illegible].

સુના——લે હવે [illegible] ના જાવ, નહીતો કાતરથું પકડી
[illegible], તેના હાથે [illegible] પગની પકડી જાહે!

[[illegible] ઉપર ચહડવાની કોશેશ કરેછે, સુ-
ના [illegible].]

[સ્વગત] [illegible] અંદર [illegible]! [ગુસ્તાદ અંદર કુ-
દી પડેછ] હો તું [illegible] કે મરવા કુદવાનું [illegible]
લાંજ?

ગુસ્તાદ——આપના કેમ, [illegible] તો [illegible] નાઠો, પણ હું નઠી
[illegible]!

સુના——અરે પણ [illegible], કોઇ એકલી બાઇ મણસના
ઘેરમા આવતા [illegible] શરમ નહી આવતી?

ગુસ્તાદ——હું આટલો [illegible] શરમ [illegible]? આટલો [illegible]
મોટા [illegible]

[ગુસ્તાદ બધી તરફ શીરિનને જોવછ.]

સુના——[સ્વગત] એતો કેવો બિજાનો [illegible] લાગે! લાગ આ-
વે તો કંઇ [illegible] ગામડયા ગત દેખાડું, કે ઓડશ
ભુલી જાય! [ગુસ્તાદને] રહમેં કોનને જોવો?

ગુસ્તાદ——આપના ટમ, ટાહરી બાઇ ટાંહરે? ટગી બાઇનું નામ ટીરિન ટે, ને હું ફગદ ટેણ. કો ટાહરી બઇને હું ન્હી ઢોવટ, તો ટોડારી મારાને મગી ઢવટ! ત્હારે ઢોઇયેતો આય ઢડિયાલ લે, પન ત્હારી બાઇ ટાટે મ્હને મેલ-વી આપ.

[ગુસ્તાદ મુનાને ઘડિયાલ આપેછ, સુના આના-નાકાનીથી લેછ; ગુસ્તાદ શીરિનને જ્યાં ત્યાં જોયછ.]

સુના———[સ્વગત] મુવો મ્હને કુટની હમજે! [ઝટકા મારી] મર મુવા, તુને બાઇના ઓળાપરથી ઓવારૂં! [યાદ કરીને] હા! ઠીક ઠીક! મુવાને બાઇ હાથે મેલવવાને બ્હાને આ પાહેના ઓરડામાં ઘાઘો બારણું બંધ કરીને પછી કો ઇને તેરી લાતી મ્હવઇ કરૂં! [ગુસ્તાદને] પણ તેવનતો હેકે શાવળીમાં ગિયેલા! જોઇયે તેવણને આ ઘડિયાલ આપીને હમજાંવણ! પણ મ્હને નહી લાગતુ, કે તેવન એટલામા હમજે! જાવોની, ત્હારા પાહે કંઇ રૂપ્યા છે?

ગુસ્તાદ ——આપના ટમ રૂપ્યા નટી, પણ બાવટીનો ટેગો મ ઘડીને ટણીને હરૂટે પેહડી આયોટ, ટે આપું.

સુના———લવોની, જોઇયે, તેથી કંઇ વજહે હેપ લાગે.

[ગુસ્તાદ સુનાને છેડો કાહડી આપેછ.]

ગુસ્તાદ——આપના ટમ, ટેગો તો ઠું, પણ મ્હારો ને મ્હારાં માય બાપનો ઢીવણી ટુગ્બાન ટરૂં! હું ટંઇ ઢવો ટેવો આટટ ટેણટે?

સુના———હું તેવનને જેમ તેમ હમજાવી આણં, તેટલા ત્હમે આય ઓરડામા બેહો. [જમની બાજુનો ઓરડો દેખા-ડેછ] ને જેહવાં બાઇ આવે, તેહવા કાલાવાલા કરજે હં! તેવન કંઇ હેજમા પહરી જાય તેવાં નથી!

ગુસ્તાદ——આપના ટમ, હેવું તો ટરૂં, ટે ટરૂટ પટરી ઢો. હું ટંઇ ટાહા ટેણટે?

સુના———ને પછી હું કરહો?

ગુસ્તાદ——એટ ટોઠી ટરક. [સુના નજર ચુકાવી કટકા મારેછ.]

સુના———ને પછી હું કરશો?

ગુસ્તાદ——એટ ટુકની લેવટ, એટરે બટ.

સુના———ઠીક છે, વ્હારે હું જાણું, વ્હમેં હાજ બેહજો.

- [સુના ગુસ્તાદને જમણી બાજુના ઓરડા-
મા મોકલી બારણું બંધ કરેછ.]

[ધીમા અવાજે] હત તુ મરે મુવા હેબ્બચલી!

[શીરિન ડાબી બાજુના ઓરડાનુ બારણું બ-
ગાર ઉઘાડી જોયછ. અને ગુસ્તાદને નહીં
જોવાથી બાહર આવેછ.]

બાઈ, બીજીતા રખે! મુવાને તાલમેનથી ગાધી રાખેલા!

શીરિન ——ઘણુ ઠીક કિધું.

સુના———મુવો તો વાત વાતમાં બાપના ટમ બાપના ટમ કરે!
હવે વ્હમે થાવ જો હું કોઈને તેડી લાઉં.

શીરિન——[ધ્રમરાઈને] કોનને તેડી લાવશે? એક ઘરમા નથી, ને
નકામી ફજેતી થશે!

[બાહરથી બીજા તાડીવાલાનો અવાજ આવેછે]

હોજી——[અંદરથી] નિપારે લેરે મિઠડે નિપારે.

સુના———[ચોંકીને ધીમા અવાજે] બાઈ આવતો મ્હારી માશીનો
દિકરાનો હાદ લાગે!

[અંગોઠાપર ચાલી બારિયેથી જોઈને ખુશ
થઈ, બાઇ આગલ આવેછ.]

બરબર બાઇ. એતો મ્હારી માશીનો દિકરો થાય! જો
એ આવાકે કેની, તો મુવાને પકડીને મરધું ફેંકી દેવ
તો ફેંકી લાખે!

શીરિન—:-મરે તેરની! લાવની! કાહડની પીડા બાહર!

[સુના જમની તરફનુ વચલું બારણું ઉઘાડી
ઇગારતથી હીજાને તેડેછ, હીજો ધડિમાં
સુખમાં દાખલ થઈ સુનાને જોઈ માટલું
નીચે મુકી કોઠી કરેછ.]

હીરજી———હુના, તુ કાહરે આવેલી? હમેંતો બધાં જાણ્યે કે તું મમ્મભઈજ હોહે!

સુના———હેડ ક્યાં હતા ફેરબદલ કરવા બાઈને લાવેલા, તે હાથે હુંબી આવેલી. હું જાણું કે તું ટહેમુલદારૂ હાથે બોડેજ હોહે, તેથી નચિન્તાઈથી બેઠુલી.

હીરજી———મોલી જાનના બગન જ્હાંગીર હેડ હાથે થવા પછી મામાને કહીને હું તો તાડી વેચવાનો ધંધો કરતો છું. હઉવે!

સુના———[ધીમા અવાજે] તુ આયવો તો હારૂં થયું! હેડ કંઈ કામ હારૂં મમ્મભઈ ગેયલા, ને કોઈ ઘેલો જેહવો પારહીનો પોયરો બાઈ કરવા ગિયેલાં તેની પૂઠે આવેલો, ને ઘેરમાંથી જાતોજ નથી. મેં તાલમેલથી આ ઓરડામા બંધ કિધેલો. હીરજી સુવાને બાહર કાહડીને ગોર પાપડી જમાડ!

[સુના હીરજીને ધીમા અવાજે બોલવાનો ઈશારો કરેછ]

હીરજી———એ મમ્મભઈના પોયરા તો આપણ ગામડયાવોને કંઈ ગણત્રીમાંજ નહીં ગણતા દેખું! આપણે પૈહાથી ગરીબ તેથી આપણને નીતિમાંબી ગરીબ હમજે! લાવની દેખાડની! ગોર પાપરી તો હેવી જમાડું, કે જનમ હુધી હવાદ નહીં ભુલહે! હઉવે.

શીરિન———નહીંરે ભઈ, કંઈ મારતો બારતો ના હં. વખતે કંઈ કર વકર વાગી જાય તો, તે કાંહ પીડા. ઘરાનો લેનારો એ કાંહથી ઘરો લેવા આવી સુવો!

હીરજી———હુમજાવવાથી નહીં હમજહે, તો પછી લઈ કરીને જોઈ લેહું. પણ છે કાંહ?

સુના———આ ઓરડામાં બંધ કિધેલો! [સુના હીરજીને ઓરડો દેખાડેછ] હમેં હેડે રાંધણીમાં છીયે હં!

[ડાબી બાજુના ઓરડામાં શીરિન તથા સુના જાયછ, ગુસ્તાદ અંદરથી બારણુ ઠોકેછ.]

હીરજી———કાંય, કંઈ કેહતા હોહો?

ગુસ્તાદ———[ઓરડામાંથી] બાઈ આવી ટ?

હીરજી———હા આવેછ. હમારે માટે બીજુ તૈયાર રાખેલું જ હોહે?

ગુસ્તાદ — બાપના ટમ, મોટ્ટી ડુટીટી.

હીંજો —— ત્હારે બચાવાના હમ, જરા થોભજો !

[જમની બાજુના ઓરડા તરફ પીઠ કરી હીંજો ઉઠ બેસ કરેછ.]

હારૂં થયલું કે મામાએ તાલિમ હિખવેલી, તે આજે કામ આવહે.

[ગુસ્તાદ બારણું હુંગાડી ચીમઇને જોયછ, ને હીંજાને જોઇ બીહેછ.]

ગુસ્તાદ —— અરરરર! એ આય ટોન? ઢેરમાં માટીડોટો ટોઈ ઉતો નહીં, ને એ ટાંહથી આયો! બાપના ટમ ફ્રી ઢોયો !

[ગુસ્તાદ બારણું બંધ કરેછ.]

હીંજો —— [ઉઠીને] હીજા, હવે માટલું બાહર મુકી આવ, નહીં તો પેલાનુ કાટલું કાહડતાં માંટલાંનુ કાટલું નહીં નિકરે !

[હીંજો જમની બાજુના વચલાં બારણામાંથી માટલું બાહર લઇ જાયછ; ડાબી બાજુના વચલાં બારણામાથી માણેકશા મુસાફરીના પોશાકમા આવી બારણું ને સ્ટો પર દઈ થાકથી કંટાલીને આડેલો બેશેછ.]

માણેકશા—અંતે કાંહ, તો ઘેહરના ઘેહર. શીરિન એકાએક આવેલો જોઈ ચોંકશે અરી! લાબ્બા ટાંટિયા કરીને સુઇ જાણ, જરા મઝા પડશે. [સુવેછ] એ એમજ સમઝતી હોશે, કે હું મુમબાઈજ હોવશ! પેર્ટરોને કહ્યુંછ કે સામાન ફુરસુદે લાવજો, પણ જો હવડાંજ લાવશે, તો ભરમ ફુટી જશે !

[હીંજો વચલે જમને બારણેથી દાખલ થાયછ, ને માણેકશાને સુતેલા જોઈ ગરદનનાજ ઇશારાથી ખબર પુછેછ. માણેકશા તેને અજાણો સમઝી જવાબ નહીં આપી ચુપ રેહછ. હીંજો માણેકશાને પેલો પેલ પારસી સમઝી મસકેરીમાં સલામ કરેછ માણેકશા પણ ડાકું હિલવેછે.]

હીજો——અરે વ્હારે નવલહા ગોરજી, જાણે બાપના ઘેરમાં હુતો દેખું!

માણેકશા—[ચોંકીને] ત્હમે કોનને પુછોછ?

હીજો——ત્હમેં કોનને પુછો?

[માણેકશા હીજાને, ને હીજો માણેકશાને ઘેલા સમજેછ.]

માણેકશા—[સ્વગત] કોઇ ખિસેલો છે શું?

હીજો——હું ખિહેલો, ને તું હું ઘેહલો કે?

માણેકશા—[ઉઠીને] ખરેખર કોઇ બિચારો ઓલ્યો ગપાટ છે!

[જોયા કરેછ.]

હીજો——હું ઓલ્યો ગપાટ છેઉં, તે મ્હારા ઘેહરનો, પણ ત્હમે બારે ગાંઠ પુરા છેવો, તો હવે લીલું નાલિયેર ને હુક્કો ગોર લઇને બિઠો ગારો મુકોની બાપા?

માણેકશા—[હસીને] જા જા ઘેલા, બાઇ પાસે જા કંઇ કેહવું હોય તો. તેવન બણરચી ખાનામાં હોશે.

હીજો——[ચિરડઇને] અરે બાઇ કોનની? ત્હારા બાપની કે?

માણેકશા—[ચિરડઇને] હેં કેમ, કેસડી આવિછ શું?

હીજો——ત્હારે તુને ખિચડી આવિચ હું? બાહર નિકલ હહરીના! કેહવા પુછવા વગર કોઇના ઘેરમાં ભરાતાં હરમ ન્હી આવતી?

માણેકશા—[ચિરડઇને] અરે તું છે કોન? કાંહથી આયો? ત્હારૂં ભેજું ખિસી ગિયુંછ શું?

હીજો——મ્હારૂં તો નહીં, પણ ત્હારૂં ભેજું ખીહી ગિયેલું, ત્હારેજ તું મ્હારી બાઇના ઘેરમાં ઘુહી ગિયેલો! હડવ!

માણેકશા—ત્હારી બાઇ? [તાજુબ થઇ] ત્હારે તું શું ર્હાં ચાકરી રહ્યોછ કે? [બધી તરફ જોઇને સ્વગત] હું કોઇના ઘેરમાં ઘુસી ગિયોછ શું? [હાક મારેછ મ્હોટેથી] શીરિન? સુના? [સ્વગત] એ લોકો કહાં મરી ગિયાં!

હીજો——ઓ લર! એતો જાણે બાપનીજ બૈરીને બોલાવતો દેખું!

માણેકશા—અરે ભઇ, તુને ખબર નહીં હોશે,—હું તો શીરિનબાઇનો ધણી થાઉં, ને મ્હારૂં નામ માણેકશા છે. બાઇ કાંહ ગિયાંછ? બાઇયે તુને ચાકરી રાખ્યોછ, કે તું વ્હાં કેમ ભુલો પડયોછ?

હીજો——[ચિરડાઇને] અરે ભુલા ચુકાના માબાપ, તુંજ ભુલો પડુલો, ને મ્હને હાનો ભુલો પાડ? [હાથ પકડીને] આવની, તુને રહતે પાડું!

[માણેકશા હાથ છટકાવી નાખેછ, જેથી હીજો ચિરડાઇને ગરદન દાબીને માણેકશાને જમની તરફના વચલાં બારણા તરફ ઠકેલો મારતો લઇ જાયછ.]

જો ફરીથી આવહે તો જીવથીજ મારી લાખા! વ્હાં ઉભાજ ના રેહતો!

[હીજો માણેકશાને જમની તરફના બારણાથી બાહર લઇ જાયછ. ગુસ્તાદ જમની બાજુના ઓરડામાંથી ડોકું બાહર કાહડી ઘભરાયછ.]

ગુસ્તાદ——બાપરે આય દેવ ટાંહટી આયો! બાપના ટમ, ઓ મ્હને ધોડે તો ટોર ટમઠીને મારી નાટડે! ઓ માયઠીરે

[ગુસ્તાદ રડેછ, ને હીજાને આવતો જોઇ અંદર ભરાયછ. હીજો જમની બાજુના વચલાં બારણામાંથી આવેછ.]

હીજો——હેનું હત્યાનાહ થાય, આંચરાના હરખી ચરખી દેખું, ને વલી મ્હારી હાથે તન પાંચ! ખવરિયાં બાંતો હેરે ઝાંપાની બાહર!

[સુના ડાબી બાજુના ઓરડામાથી ચીમઇને જોયછ, ને ગુસ્તાદને નહીં જોવાથી આવેછ]

સુના——સુવાને કાહડો કે?

હીજો——મારતાં મારતાં કુચો કાહડી લાખેલો, ને દાદરમથી ભભડાવીને ઝાંપાની બાહર મુકી આવેલો. હઉવે!

સુના——બહુ હારૂં કિધું—બાઈ બિચારી બીછી ખુજીને હેડે શંધ- ણીમાં ભરઈ રેહલી, તે બાહર નિહરતીજ નથી.

હીજો——બાઈ, બિચારી બહુ ભલું માણહ દિહે. [હીજો સુનાને કોટી કરેછ] એ મ્હારી હુના, ઘણે દાહડે મળેલાં, તે મ્હને બહુ હેત આવે.

સુના——એ હંધું બાહરથીજ તો! વ્હારૂં હેત તો હંધું બોલી જાનમાં ભરાવલું, ને હુંતો હીજા પરજ મરિયા કરૂં!

હીજો——[બોક્ષાઈથી] હા. હું હાચું કેહવાનો! જહાં હુધી બોલીજાન પરણેલી નહીં, વ્હાં હુધી બોલીજાન પર હેત ખરૂં! પણ જહારથી તે પયણેલી વ્હારથી મ્હારૂં દિલ વ્હારામાં ભરઈ રેહલું! હઉવે!

સુના——તું હાચું બોલશે, વ્હારે હું'ની હાચું બોલું. બોલી જાનને લિધે હું વ્હારી પર રીહે ભરાવલી ખરી, પણ આજથી હવે હું તે હંધું ભુલી જવહ.

હીજો——તુ રીહે ભરાવલી, તેમા કંઈ નવઈ નહી. વાંક હંધો મ્હારોજ થયલો, કે વ્હારી મરજી છતાં મેં મરડાટ કયરા કિધો. મ્હને માપ કરજે બેહન! [કોટી કરીને] આજ હુધી આપણે બઉ બેહન હરીખાં ઉતાં, પણ હવેથી આપણી બંનેની મરજી થયલી, તેથી તેહમુલ મામાને પૂછીને લગન કરીને માટી બૈયર તરીકે રહીહું.

સુના——બહુ હારૂં. તું આવ હીજા. બાઈ હેડે ગંધણીમાં બીહતાં હોહે! તેવન જો જાણહેકેની, કે સુનાને બાહર કાહેડો, તો ખચીત તુને રૂપ્યો આપહે.

હીજો——ના, રૂપ્યોતો નહી લેવાનો એટલી હું મેહનત કિધેલી, કે રૂપ્યો લઉં! મ્હને તો બાહે, કે ચાર આનાની મેહનત થયલી, તેથી ચાર આણા લેવાહ. હરામનુ ખાઇયે તો ફુટી નિકલે. હઉવે!

સુના——વારૂં તુ આવતો ખરો.

[હાથ પકડીને સુના હીજાને ડાબીબાજુના ઓરડામા લઈ જાયછ; જમની બાજુના ઓરડામાંથી ગુરતાદ ચીમઘને બોયછ.]

ગુસ્તાદ—એ ડૌરા ટાંહ ડોયા! [આસપાસ જોઈ] નાહટ બહા કુ-
શટ, નહીંતો ડામરયો ડી પોપો ડવારટે, ટો મરી ડડે.

[ગુસ્તાદ જમની તરફનો વચલો દરવાજો હું-
ગાડી જવા ચાહેછ, તેટલાં માણેકશાને
ખરડાયલાં કપડાં સાથે આવતાં જોઈ ધ-
બરાટમાં પાછો અસલ ઓરડામાં જવાને
બદલે કબાટના ઓઠામાં ડાબી બાજુ ત-
રફ ભરઇ જાયછ. માણેકશા વચલા જ-
મની બાજુના દરવાજામાંથી ચીમઈને
જોઈ, કોઇ નહીં હોવાથી અંદર હાંફતા
હાંફતા આવીને અફસોસ કરેછ.]

માણેકશા—એ મુજી સુવોછ કૌન, કૌન જાણે ! [હાંક મારેછ] શી-
રિન ? સુના ? [બંને તરફના દરવાજામાં અંદર ડોકું કરી
જોયછ] એ બંને સુવાં કાંહ ! હેડે હાંક મારિયો તો ડ્હાંબી
જવાબ નહીં મળે ! કેથે બંને જઈ સુવાંછ, ને ઘેરમા
ચોર ભરાયોછ, કે મ્હને ભૂતે ઘેરિયોછ ! [બેસેછ] નખોદ
જાય, અરધા કોસપર જઇ આવ્યો, તોબી સોધ્યો એક
સિપઈ નહીં મલે ! ગાંમ તે ગામ, ને શેહર તે શેહર !
મુમ્બઈ હોતે તો સુજીને બરોબર સવાદ ચખાડતે !
હેનો નાશ થાય તે ઉતોતો મગરુર્યાં જેહવો, પણ ગળું
દાબીને જાણે પુટ બોલની ફાની ફેંકી દિધો ! પણ એ
ચંડાળ ન્હાઠો, કે કેથે ભરાયોછ !

[આસપાસ જોતાં ગુસ્તાદપર નજર પડવાથી
માણેકશા ચોંકેછે,–ગુસ્તાદ ડબઇને જોયા
કરેછ.]

[સ્વગત] હેં! વલી એ કૌન? ગામડયો, ઇચ્ચમજી કેમ
થઇ ગયો? બંગલો ખાલી ઉતો તે ભૂતનો ચારો બારો
છે શું? [ગુસ્તાદને ટીકી ટીકીને જોઈ] કેમ બા ? કોન-
ને પુછોછ ?

ગુસ્તાદ——ટહમેં ચેનને પુછાઠ ?

[ગુસ્તાદ પોતાની માફક માણેકશાને સમજેછ.]

માણેકશા—[સ્વગત] આયગી પેલાની કાની સાગ્મો મ્હનેજ સવાલ કરેછ ! [ગુસ્તાદને] અરે બા ત્હમેં કાંહથી આયા ?

ગુસ્તાદ—ટહમેં ટાંહથી આયા ?

માણેકશા—[ચિરડઈને] જાહજમમાંથી આયા ! ત્હમારૂં નામ શું ?

ગુસ્તાદ—મ્હારૂં નામ હટો પીટો.

માણેકશા—[સ્વગત] એ બંધે ખિસેલા કાંહથી મલ્યા ? પેલોબી કાતરયાંનો ખસેલો હતો, ને આયગી ચકરમ સુજેછ ! [ગુસ્તાદને] ભઈ ત્હમારૂં ઘેર કાંહછે ? કંઈ ભૂલા ભૂલા પડયાછ શું ?

ગુસ્તાદ—બાપના ટમ, હું ભુલો નઠી પડયો, પણ ટહમેં ભુલા પડયાટ.

માણેકશા—અરે પણ ત્હમે બકોછ શું ! ત્હમારૂં મગજતો નથી ખસી ગિયું ?

ગુસ્તાદ—ઠેલા હોય, ટે બિઠાનેગી ઠેવા ઠમઠે. ડાહ્યાં માનટના ટપડાં ટંઈ હડડાયલાં હોય ટે ? ઠગ મનને પુરોની, ટે ઠેલું ટોનટે ? [કપડાં દેખાડેછે.]

માણેકશા—[ચિરડઈને] હવે ત્હમેં પાધરો જવાબ આપોછ, કે કંઈ સવાદ આપ્યોછ ?

ગુસ્તાદ—બાપના ટમ, હું ટંઈ ટહમારા ડબરાવાટી બીહવાનો ટેઉં ટે !

માણેકશા—(ચિરડઈને] અરે કાગ અંદૂસ ! મ્હને ઓલખોછ કે નહીં ? હું આય ઘેરના ધણી થાઉં ! મ્હારૂં નામ માણેકશા છે.

ગુસ્તાદ—[ધ્રુજેછ] બાપના ટમ, ટારે ટો મ્હને માપ ટરો.

માણેકશા—ત્હમે ધ્રુજે ના, હું કાંઇ મારતો નથી. મ્હારા સવાલનો જવાબ આપો, ને સાચ્ચું કેહવો.

ગુસ્તાદ—બાપના ટમ, ટાંજ ટેહટ.

માણેકશા—ત્હમે કોન છેવો, કાંહથી આયા, ને ત્હમારૂં નામ શું ?

ગુસ્તાદ—બાપના ટમ, મ્હારૂં નામ હુડાડઠી ડે, ને હું બીલ ટલેફર ટેઉં. [ધ્રુજીને] હું ટાહુંઠ ટેહુંટ, હુઠું નઠી ટેહટો.

માણેકશા—ત્હારે ત્હમેં એમ બરઈ કાંય રહ્યાછ ?

ગુસ્તાદ—વ્હાં એટ ઠેલો હામડયો ટે, ટે મ્હને મારવા આવેટ, ટેઠી બીહીને બરઈ રહ્યોટ.

માણેકશા—[ચોંકીને]તે ગામડ્યાએ શું ‘હમુનેબી સતાવ્યાછ?

ગુસ્તાદ—હા. [ડાબી બાજુનો ઓરડો બતાવી] ને ટે, હાં આય ઓરડામા એટ બૈરીની ટારે ભગયોટ!

માણેકશા—[ચોંકીને] હેં! એ હું શું સાંભલુછ! એ શું મોહકાન ને શું પોંટાલો!

ગુસ્તાદ—[બીહીને] હવે મ્હને ટ્યા દેવો, ટમારા પડે લાડું!

માણેકશા—અરે હું ‘હામારા પગે લાગું. ‘હમેં જરા થોભો, ને મ્હને મદદ કરો! એ ગામડયો ચોર છે! મ્હારી બૈરી સાથે—[ડાબી બાજુના ઓરડામાં ખખરાટ સાંભલી આસ્તેથી બોલેછ] આય શું અંદર છે!

[આસપાસ જોતાં માણકશાની નજર કબાટની કુંચીપર પડવાથી ખુશ થાયછ.]

‘હમેં મેહરબાની કરીને આય કબાટમાં ભરાવો, ને હું આય કરટન પાછલ સંતાઉંછ. જેહવો એ મુજી બાહર આવે, કે એકદમ ઊંચકીને દાદરપરથી ફેંકીજ દેયે ને વધારે ગડબડ કરશે, તો બેહુ મલીને ઠોકીજ નાખશું.

ગુસ્તાદ—બાપના ટમ, મ્હને ટો ટેહને ઠોટાંક બીહીટ લાટટ!

[ધ્રુજેછ.]

માણેકશા—અરે ધ્રુજેછ સાના મ્હારા સાહેબ, શું આપણે બે જન એકને પૂરા નહીં પડશું?

[માણકશા ડાબી બાજુના ઓરડા આગલ કાન ધરેછ, તેટલાં ગુસ્તાદ ધીમા પગલે ન્હાસવા જાયછ, માણકશા નજર પડવાથી પકડેછ.]

અરે બા ‘હમેં એમ ન્હાસી શું મારોછ? આપણે બે જન છૈયે, એટલે બીહવાનુ સાનું? [કબાટ ઉઘાડી] જેહવી હું સીસોડી વગાડું, કે ‘હમેં લાગલા બાહર નિકલી પડજો.

[માણકશા હાત પકડીને ગુસ્તાદને કબાટમાં મોકલેછે, ને બારણું બંધ કરી પોતે કરટન પાછલ ભરાયછ.]

કાકા, ધબરાતા ના હું! [જવાબ ન મળવાથી] કાકા, સાંભળોછો કે? કાકાબી કેથા કોઆંવાટર દેખું!

[ગુસ્તાદ આસ્તેથી કબાટમાંથી નિકલી ન્હાસી જાયછ; હીજો રૂપેયો ઉછારતો સુના સાથ ડાબી બાજુના ઓરડામાંથી આવેછ.]

હીજો——સુના, આય વેપારતો ઘણો હારો! હવેથી તાડી વેચવાનું માડીવાલ્ની પોરીયો પાછલ ભમતા ટચાક પોરિયાવોને કેહડી જમાડવાનોજ ધંધો કરૂં!

માણેકશા—[સ્વગત] અરરરરર! આયતો કેથાં વ્હાં લગન લાગાં દેખું!

સુના——હીજા, લે રાત પડલી, એક ગલાહ બરાંડી લે.

[સુના ગ્લાસ તથા બાટલી ટેબલ પરથી લેછ.]

હીજો——લાવની યાર વ્હારનું નાક હુકાય.

માણેકશા—[કરટનમાંથી] પીયો! પીયો! વ્હમારા બાપનોજ માલ!

[સુના ટમ્બલરમાં બ્રાન્ડી નામી હીજાને આપેછ.]

હીજો——(ગ્લાસ ઉચકી) આય વ્હારી બાઇની, ને વ્હારા સેઠની હલામતી! [પીયેછ.]

માણેકશા—[કરટનમાંથી] શેઠની સલામતી, કે શેઠની આનાબરાબી!

હીજો——[પીઇને ખંખારેછ] હે! આપણા હુરતી મહવડાંના જેહવો તો નહીં જે!

[સુના બ્રાન્ડી નામી પોતે પીવા ચાહેછ.]

સુના——હીજા, આપણા બ્યાહ જલ્દી થાય તેની હલામતી!

હીજો——બહુ હારૂ, લે મ્હારી હુના.

[સુના બ્રાન્ડી પીયેછ, હીજો કોટી કરેછ.]

માણેકશા—[કરટનમાંથી] મ્હારાં ગરીપરી જાયછ, ને આય બે તો પ્યાર ને કોટી કરી મરેછ!

સુના——હીજા, કાલે મ્હને મલી જાજે હોં! હું વાટ જોવાહ, ને મ્હને બિરવજ નડી આવહે.

[હીજો ટેબલપરની આલબમ જોયછ, સુના બેશેછ.]

માણુકશા—જરા ઉભી રેહની! એ કાલે મલે, તે આગમચ હવડાંજ હેનો રસ્તો કરૂંછ!

[માણુકશા સીસોડી વગાડેછ, ને જવાબ નહીં મલવાથી ફરી વગાડેછ.]

એ કાકા, હું થઇ ગિયા શું? અરે બાહર નિકલી મરોની!

[માણુકશા ફરીથી સીસોડી વગાડેછ, જેથી હીજો તથા સુના ચોકેછ, ને સુનાની નજર હિલતી કરટનપર પડવાથી ઇશારાથી હીજાને બતાવી, ધીમે પગલે ડાબી બાજુના ઓરડામાં ન્હાસી જાયછ. હીજો ધીમે પગલે કબટની ડાબી બાજુ તરફ ભરાયછે.]

હીજો——[સ્વગત] બચ્ચાજી, તું ફરી આયો અરે! હવે તું હીહોડી ફોડ, ને હું ત્હારી ઢુમ ફોડું! હઉંવ!

[માણકશા વાર જોઇને કરટનમાંથી ડોકું બાહર કાહડેછ, ને હીજાને ન જોવાથી.]

માણકશા—[ગુસ્તાદને] એ કાંહ ગીયો! અરે કાકા, બાહર આવોની!

[હીજો બાહર આવેછ, માણકશા ચોકેછ.]

હીજો——આવ લે બાહર આયો, હવે હું કેહ?

માણકશા—[ધબગાયછ] જોજે એ, ખબરદાર જો મ્હને હાથ લગાડયોછ તો! [કબટ ડોકીને] અરે કાકા, બાહર આવોની વાર! ફસાવી શું મારોછ!

હીજો——[ચિરડાઇને] અરે ત્હારા કાકાને હું કેહું, ને બાપાને હાયે! મુગો મુગો મરની, નહીતો ઝુરી બગાવડે! [સ્વગત] એ અકુબરાનુ તો કેથું મારલુંજ-દોદરે દેખું.]

[હીજાને ફરેલો જોઇ, ગુસ્તાદની મદદ ન મલવાથી માણકશા પ્રબરાઇને ન્હાશેછ, ને નજર પડવાથી તેની પાછલ હીજોબી દોડી જાયછ. સુના ડાબી બાજુના ઓરડાનું બારણું હુંગાડી, કોઇને નહીં જોવાથી બાહરી આગલ જઇને જોયછ.]

સુના——આયતો મુવો કોઇ જબરો નકલ દેખ્યું! મુવાને કંઇ ઘેલું ઘેલું લાગેલું કે હું! મ્હારો હીજો નકામો પટકાયા ઝટકાયા કરતો હોહે! મુવાને ભુતે ભમાવેલો લાગે, નહી તો મોહતે ઘેરેલો દીહે! બાઇને સ્પને કંઇ ધાહતીથી વીચી આવે, ને ઓગનુ દોર થાય!

[સુના જમની બાજુના વરાલાં બારણા આગલ જઇ.]

બદાવજી દેહને મોકલી દેય તો બચી મરી જવાહ, ને આવાંઇજત માયને ફૂલ હાકર ચહડાવા!

[હીજો આવેછ, સુના અધીરી થઇ પુછેછ.]

એ વરી કાંહથી મુવો આવીને ભરઈ ગિયેલો?

હીજો——આપણે વચલું બારણું બંધ કરતાં ભુલી ગિયેલાં, ને રાંધણીમાં હોહેં, તે વેલાએ આવેલો લાગે! મ્હને તો હુધ્યો ખીહેલો દીહે! કંઇ હેના બેજાનું ઠેકાણું નહી મળે!

સુના——મરે મુવો માર ખાઇને મરી જાય, ને એમ કાંય કરતો હોહે?

હીજો——એ તેજીને તુકારો, ને ગધેડાને ડફેના. કહ્યું કે બાપા જા, ભાઇ જા, પણ હાંભળેજ નહીં! પછી બે ટાંગમા હાથ ઘાલીને ગરદનમાંથી પકડી પટકી લાયઓ! ચીભડું ત્રિકાય તેમ ઝીકેલો, તે પયગો પયરો પલપલ્યા કરે, ને માય બાપને ભહતાંમાંથી બોલાવે!

સુના——હીજા, તુ બેહજે હં, હું બાઇને બોલાવી લાઉં, નહી તો તેવાણ હપ્તીને વાર જોયા કરતાં હો કે!

હીજો——હા, હું બેહું. ન્હીંતો વરી આવહે તો હમુને ભભરાવી મારહે!

[સુના ડાબી બાજુના ઓરડામાં ભગાયછ, હીજો બારી આગલ જઇ જોયછ.]

બરચાજી, હવે આવહે તો પોંહતોજ કરી લાખ્યા! ને બને તે ખરી! હેવાં પાપી માણહને મારીને ફાંહીએ જવહ તો પાપ ન્હી લાગહે—[બેશેછ] હવે હું આવતો તો! હવે દાહડાએ ઘેહરો હોય, તોજ આવે તો! હવે તો

કરછા જેહવો એક તમાચો તો હેવો લગાઉં, કે બી-
હેલું ભેજું ઠેકાણે આવી જાય, ને આંખના પરદા હું-
ગડવા હાથે કાનના પરદાબી ખોલી જાય. હઉવે!

[સુના સાથે શીરિન ડાબી બાજુના ઓર-
ડામાંથી બીહતી આવેછ.]

શીરિન——બઇ માફ કરજે હં! હમારે લિવે તુને ખોટી થવું પડેછ. સારૂં થયું કે તું આવી લાગો! ખુદાવજીએ ફરિશ્તોજ મોકલ્યો તો! નહીં તો કૌન જાણે શું નુ શું થતે!

હીજો——[હસીને] તે તો મ્હારો પહલો કેહ કેહને એમ કેહ, કે હુંતો આ ઘરનો ધણી છું, ને શીરિનબાઇ મ્હારી બૈયર થાય!

શીરિન——[કટકા મોડી] મર મુવા એબ! મુવાને ઘેરના ધણીના ને શીરિનના નામ પરથીબી ખોવાસ્યો! ઘેરનો ધણી બત્રીસ દાંતનો મુબબઇ છે તેમાંજતો! નહીં તો કે અત્યારે ગોર્ગીઆમ નહીં મોકલ્યો હોતે કે?

હીજો——બાઇ, હમારો અબ્બઇ રેહલો ધણી કાહરે પધારવાનો!

શીરિન——બઇ, આજ કાલમાં આવવામાંજતો. કાગળતો આવી ચુકુંછ, ને તેવનનીજ રાહ જોઇયેછ. [સુનાને] સુના, જો હારો સગો શેઠ આવે તેટલામાં આપણા ઘેરમાંજ રેહતો કેહલું સારૂં, કે આપણને હિમ્મત આવે, ને ઘેરમાં વસ્તી થાય.

સુના——બાઇ, મ્હારો હીજો હમેં જેમ કેહો તેમ ચાલહે, ને મ્હારૂં કેહલું કરવા વગર નહી રેહે. હીજા હાંભયલું કે!

હીજો——હારા કેહવાનો અનાદર કિયે દિવહે કિવેલો, કે વરી આજે કરહ!

શીરિન——જા સુના, રાત થઇછ ને ૯) વાગા હોસે. બીચારાને ભાનુ કરીને જમાડ, ને ગ્લાસ બ્રાન્ડી પા.

સુના——બાઇ, બરાન્ડી તો પાયલો, પણ હું હેને જમાડી લાવું; હમેં બીહીતાં રબે!

શીરિન——નહીં ફિકર નહીં, હું બેઠીછ જા. ને તુંબી માંહલી બણી કરવીજ આવજે, પછી હું જમસ.

[સુના હીજા સાથે જવા માડેછ, તેટલાં બા-
હારથી આવાજ આવેછ.]

દામો———માણકછાના છીરિનબાઈ?

[બધાં ચોંકેછ, હીરજી બારી આગલ જઈ જોયછ.]

હીરજી———હમેં કોનને પુછારે લોકા?

દામો———જી, છીરિનબાઈને.

હીરજી———કિયાં છીરિનબાઈ!

દામો———માણકછા છેઠના ધણ્યાનીને. માણકછા છેઠ મમબઈથી આવેલા, તીમણુનો છામાન લાવેલા.

શીરિન———[ખુશ થઈ] ચાલ માય, ખુદાયજી પાયા!

હીરજી———છેઠ કાંહ છે?

દામો———છેઠ આવતાસે.

હીરજી———આવો, ઉપર આવો.

[હીરજી વચલા જમના દરવાજા આગલ જઈ બારણું હુંગાડી ઉભો રેહછ.]

શીરિન———[સુનાને] વરી સાથ સાંભલતાંજ બધા સાંધા ભગરી ગિયાતા, ને ધાસ્તીથી રૂવે રૂવાં ઉભાં થયાંતાં.

સુના———હવે જગ જીવને ધિરવજ આવહે, ને રાતના હુંગભી આવહે, નહીંતો ખદા ખબર રાત કેમ જતે!

[દામો તથા રામલો પેટીના કડાં હાતમાં પકડીને પેટીને અંદર લાવી મુકેછ, કે જે પેટીમાં માણકશા છુપાયલા છે. દામો બાહાર જઈ, બિછાણું છે તે અંદર લાવી મુકેછ]

શીરિન———શેઠ કાંહ છે બાઈ? ક્યારે આવશે?

રામલો———તે તો નહી કેહવાય બાઈ! છેઠે કિયેલું કે,—

[દામો રામલાનો હાથ દાબીને ચુપ રેહવા કેહછ]

દામો———અરે એટ્ટ ઓટું છુ બકતાસે! જોવની બાઈ, છેઠે હમણે કીયેલું કે, હમારે છામાન પેરે મુકી આવવો, બછ બીજું કઈ નહી કીયેલું.

[માણકશા પેટીમાં છે તેવું જાણવાથી રામલો હશેછ, જેથી શીરિનને શક જાયછ]

શીરિન——કાંય બાઇ હશેછ કાંય! શેઠ કેયે બગયાછ શું!

[હીરજે બારણા આગલ જોવા જાયછ, ને શીરિન બાગી આગલથી જોયછ, રામલો હશેછ, જેથી દામો રામલાનો હાથ દાબેછ.]

દામો——હીરે બાઇ, એ તો પેલાસે. છેક હમુને છામાન જવાબીન કરીને—સેતે કરીને—છાબ છાતે વાત કરવા ગિયેલા, તે હવડાં આવતા હોસે.

શીરિન——વારૂ બાઇ, લેતો આવ હમારી હેલ.

[શીરિન બંધેને પાવલો પાવલો આપેછ, બંધે ઇશારતથી સલામ કરેછ. રામલો પેટીને જોઇને હશેછ, દામો ચિરડાઇને તેને અખાડા કરવા કહી બંધે જાયછ.]

લે જા બેહન, બિચારાનુ ભાનુ કરી આવ.

સુના——વારે બાઇ.

[હીરજે તથા સુના ડાબી બાજુના ઓરડામાં જાયછ, શીરિન બાગી આગલ જઇ માણુકશાની રાહ જોયછ.]

શીરિન——એ આવતો જતો મરે! નકામો મુવો પોતાના જીવને કુહડાવી મુવો!

[માણેકશા પેટી હુંગાડીને જોયછ.]

માણુકશા——એ રાંડ ચોપરેછ કોનને?

શીરિન——હેના વાહલાં મરે તે મુવો દફે થયો હોય તો સારૂં!

માણુકશા——હારાંજ વાહલાં મરેની રાંડ નાપાક, ને તુંજ દફે થાની!

શીરિન——હવે આવની મુવા, ને તુ હારૂં કારૂં મોહડું દેખાડની, પછી જો કે ખાસડે ખાસડે મારૂંછ કે નહીં.

માણુકશા——ખાસડે ખાસડે મારની રાંડ હારા બાપ બપાવાને!

શીરિન——કેહનો જીવ કરારમા ઉતો, તે મુવાએ આવાને કંટાલમાં નાખ્યો!

માણુકશા——રાંડતો કેથી મરવાનીજ રાહ જોતી દેખું!

શીરિન——મુવાની સુરતપર આગ લાગે, તે કે તો મકઇ ભુકા જેહવો, ને વળી બાહર બટકા મરેછ, ને આથક પડી મરેછ!

માણેકશા—આજે ગામડયો પસંદ પડયોછ, તેથી મકઈખુદા જેહવો લાગુંછ! વારૂં આગલ ચાલો!

શીરિન——મ્હારૂં જો ચાલતું હોય તો હેવા મુવાઓનું નાક કાપીને ગધેડે બેસાડીને ફેરવું, ત્હારે મ્હારો અરમાન પુરો પડે!

માણેકશા—રાંડ, ત્હારૂં રાજ થાય ત્યારે કેની? તેટલાં હુંજ તુને ગધેડે બેસાડુંછ.

[સુના ડાભી બાજુના ઓરડામાંથી આવેછ]

સુના———બાઈ, હવે ત્હમેંબી જમી લેવાતો હારૂં.

શીરિન——નહી બેહન, આજે એ આવતો મરે, તે બસ જીવ ઠડતોજ નથી, ને રહી રહીને બસ તેજ યાદ આવેછ, તેથી ભૂખબી નથી લાગતી!

[સુના બારી આગલ માણેકશાની રાહ જોયછ.]

માણેકશા—ભૂખ કાંહથી લાગે! ગામડયો મલ્યોછ ખરોની!

શીરિન——તારે બેહન, શેઠને કંઇબી કેહતી ના, હં! જોજે હં! તો નહીં નકામી પંચાત નહીં થાય.

સુના——નહીરે બાઈ.

માણેકશા—અરે રાંડ ડાકણો, શેઠ તો કયારનો ત્હમારો બેહનો રકાસ જોયછ! ને તે રકાસ જોવાતો કપડાં વેટિંગ રૂમમા સવાબિન કરી, પેટીમાં ભરઈ આયોછ,—[સ્વગત] બચ્ચા માણેક, બનતાં બને તે ખરી, કંઇ ખમવું પડે તે ખમ, પણ જરા તમાશો તો જો, કે હેમાંથી શું નિપજેછ!

[માણેકશા પેટીનું બારણું બંધ કરેછ, ગુસ્તાદ વચલું બારણું હુંગાડું જોઈ, શીરિન તથા સુનાને એકલાં જોઇ આસ્તેથી અંદર આવેછ. શીરિનની નજર ગુસ્તાદ પર પડવાથી થીસમારી ડાભી બાજુના ઓરડામાં ન્હાશેછ, સુના પણ પાછલ દોડી જાયછ. ગુસ્તાદ ઘબરકને જમની બાજુના ઓરડામાં ભરઈ જાયછ, ને દોડતાં ટોપી પરી જાયછ. માણેકશા ડાકું બાહર કાહડી જોયછ.]

ગુસ્તાદ——ટારૂં થયું એ લોટ નાટી ઠીયાં. હવે આપડેબી ભરઈ ઠઈયે.

માણુકશા—એ ખળભાટ શાનો થયો. ને બેહુ દોડતાં ન્હાસી કેમ ગિયાં!

[માણુકશા પેટીમાં ભરાયછે, ડાબી બાજુના ઓરડામાંથી હીજો તથા સુના આવેછે]

હીજો——એ છે કાંહ!

[હીજો વચલા જમની તરફના બારણા-માંથી બાહાર જોયછે, પછી બારીની બાહર તથા પરદા પાછળ જોયછે; એકાએક હીજાતી પેટીપર સુનાની નજ-ર જવાથી, ઇશારતથી હીજાને પેટી દેખા-ડેછે; હીજો પેટીનું ઢાકણુ હિલવાથી ચોંકીને જોયા કરેછે, સુના હીજાને બાજુપર લાવી કેહછે]

સુના——[આસ્તેથી] માણુકહા હેઠની પેટી ખાલી હોહે, તે જો-ઇને સુવો મહીં ભરાયલો!

હીજો——[આસ્તેથી] હું તાલમેલ કરૂં, તે તું હમજી જજે હો! પેટીને અડચણ મટાડવાના બાહાનાથી ખડકીમાં મુકી આવવા કેહું કેની, તો તું હા કેહજે, ને પછી હેડે લઈ જઈને ટાલું મારી, હેને હેઠ આવે ત્યાં હુધી ગાંધી રાખહું.

સુના——[આસ્તેથી] તે તો ખરૂં પણ ટાલું મારતી વખતે તુને કંઈબી હમજાવે, મનાવે, તો હાંભલતોજ રખે! સુવા પેલાના બોલવાપર ભરોહોજ ન્હી રાખવો!

હીજો——[આસ્તેથી] ઠીક. [પેટી આગળ જઇ મ્હોટેથી] હુના, બાઇ કેહજે પેટી આવેલી તેને ખડકીમાં મુકી, ઓર-ડામાંથી અડચણ કાહાડો. જરા હાત લગાડતો બેહુન બંને જણા હેડે મુકી આવ્યે.

સુના——અરે ખરારેજો, હુંબી વિહરી ગિયેલી!

[સુના તથા હીજો, બંને, પેટીને ઊચકીને વચલા જમના બારણામાંથી બાહાર લઈ જાયછે, ગુસ્તાદ જમની બાજુના ઓરડામાંથી બાહાર આવવા ચાહેછે, તેટમાં ડાબી બાજુના ઓર-ડામાંથી શીરિનને ચીમાતી જોઇ પાછો ભરાઇ જાયછે. ઓરડામાં કોઇને નહીં જોવાથી શી-રિન આવેછે.]

શીરિન——[ઘભરાતી] એ મુવો પલીદ છે, કે દેવ છે! એ છે શું! મરે કઇ શયતાનનો ચારો તો નહીં હોય! મુવું સહવારે આજે કોનનું મોહડું જોયું તું! [પેટી નહીં જોઇ] એ હીજે પેટીને હેડે કાંય લઇ ગિયા હોશે! [બારી આગલ જઇ] માણકશાને કૌન જાણે શું થયું, ને કાંહ ભરાયા! સામન આયો, ને એવન હજુર કાંહ રહ્યા!

[શીરિન જમની બાજુના વચલા દરવાજા આગલ જવા ચાહેછ. તેવામાં ટોપી પર નજર પડવાથી ઊચકેછ]

આયતો પેલા મુવા ઓડાનીનીજ ટોપી! [ટોપીના ચામડાંમાં કાડ જોઇ] આય કાડપરથી મુવાનું નામ નિશાન માલમ પડશે. [વાંચેછ.]

ગુરતાદજી ભીમજીભાઇ કોપર,

ના. ૧૬, જ્હાનપરા—સુરત.

મરે આય ઠીક ફાંસો હાથમાં આયોછ.

[શીરિન કાડ લઇ જમની બાજુનાં વચલાં બારણામાંથી હેડે ખડકીમાં હીજાને ખબર કરવા જાયછ ગુરતાદ ચીમઇને જોયછ, ને કોઇને નહીં જોવાથી બાહર આવેછ.

ગુરતાદ——બાપના ટમ, ફ્રી ડાંગિટ ટોબી આવવા ડમેઠ. હવે ડાંગ, ટ ઉભા રેહું!

[ગુરતાદ પકડવા જતાં ટોપી માંથાપર નહી જણાવાથી ચોંકેછ.]

એ મ્હારી ટોપી ટાંહ ઠેઇ! [યાદ કરેછ] યાદ આવી! ટાહરે ઓડામાં ભરઇ ડટાં પરી ઠેઇ હોટે, ટ મેં ઊઠી નહીં હોટે! [ટોપી જોઇને] આય રું ટે.

[વચલાં જમના બારણાની બાહર અવાજ થવાથી ગુરતાદ પાછો જમની બાજુના ઓરડામાં ભરાયછ. શીરિન, હીજે, તથા સુના જમની બાજુના વચલાં બારણામાંથી આવેછ.]

હીજો——[શીરિનને] જેહવી હુના મ્હને બોલાવા આવેલી, કે પેટી આણી હોહે, તેમાં ખબરદાનને બરઇ ગિયેલા! હમે તાબ-મેલથી પેટી ખડકીમાં મુકી આયવાં, ને હુનાએ ટાલું આપેલું તે મારેલું છે, એટલે હવે તેના દેવથીબી નહી ભાગવાનું! બહ. બકે, બકે, ને એજ બકે, કે હુંતો માણકહા હોતોશ્હું, ને શીરિનબાઇનો ધણી થાશ.

શીરિન——સુના, તું બી ઉતી કે? તેં સાંભલ્યું કે?

સુના——નહી બાઈ હુંતો તાલું આપીને તરત રહમુને રાંધણીમાં જોવા ગયલી, ને રહમે તો દાદરપર મયલાં.

શીરિન——મ્હને એમ વિચાર આવેછ, કે આય કાર્ડ મૂવાની ટોપીમાંથી મલ્યોછ, તે ઠેકાણા પ્રમાણે એ પેટી મુવાના ઘેરના ઓટલાપર મુકી આવવી જોઇયે, કે સહવારે ફજેતી થાય, ને ઘેરમાં ખાસડાં પડે તો ફરીથી ઓડજ ભૂલી જાય!

હીજો——લાવો બાઈ, બન્દો એ કામ બજાવહે.

સુના——હા બાઈ, એ ઠીક વાત. [શીરિન સરનામુ લખેછ.]

હીજો——હવે ઉંદર પિંજડાંમાં હપડાયો ખરો!

સુના——મરે પેટીમાં ગુંગલાઇતો નહીં જાય!

હીજો——ના, પેટીમાં મ્હોટાં મ્હોટાં છેદ ઉતાંતા?

શીરિન——લે બા.

[શીરિન સરનામુ લખીને હીજાને આપેછ, હીજો વાંચેછ.]

હીજો——ગુસ્તાદજી બીમજીભાઈ કોપર. નમ્બર ૧૯—ન્હાનપરા—સુરત. ઠીક, આ હું આયલો, પેટી ઉંચકવા કોઈ કોલીને પકડી લાવહ, ને પછી કામ બજાવહ.

[હીજો જમની બાજુના વચલાં બારણામાંથી જાયછ, શીરિન બારી આગલ જઈ માણેકશાની રાહ જોયછ.]

શીરિન——સુના, મરે મ્હને તો વ્હેમ જાયછ, ને તરેહવાર ખિજ-

લ આવેછ! કાગજ આયાને તન દાહડા થયા, ને એવન આયા આજે! સામન આયો, ને હજુર માણ-કશાનુ ઠેકાણું નહીં મલે! મરે મુવા પોર્ટરોની મ્હાસ નસીબે અગરગચ્ચા જેહવા આવી મુવા! મુવો એક તો હસિયા કરે, ને બીજો ઘર પુછડાં વગરનુ બજી ગરે! આજનો દાહડો બંરરે! ખુદા દુશમનનેની નહીં દેખાડે!

સુના——મ્હને તો એમ દીસે, કે હેઠ હામાન મોકળીને કંઈ કામ હારે કોઈને મળવા ગયેલા! રહાં હુસી એટલો વાર નહીં લાગે તો!

શીરિન——પણ મરે કામણી આજેજ નિકલી આયું?

[ગુસતાદ જમની બાજુના ઓરડામાંથી બાહર નિકલેછ, શીરિન ચીચારી પાડી ડાબી બાજુના ઓરડામાં જઈ, બેહુ હાથમાં બારણું પકડી ઉભી રહેછ. સુના હિમ્મતથી સપાટ પકડીને ગુસતાદને જોયછ.]

ગુસતાદ——બાપના ટમ, મેં ટહ્યુંટું ટે આવટ. ટે આયો ટેની!

સુના——બાઈ, બીહીતાં રએ, એ તો જુનારં દેખું! [હાતના ઈશારાથી ભૂત સમજીને ગુસતાદને જવા કેહછ] હટ! હટ! લાનત! લાનત!

ગુસતાદ——બાપના ટમ, હું કંઈ ભૂત નઠી, હું ટો હીરા ઠેવું માનટ ટેઉં.

સુના——[હીમ્મથી] તો મનીખ મુવા, હવડાંતો તુને પેટીમાં ઢાંકીને રહારે ઘરે મોકલેલા, ને હીંજ નહીં આયવો એટલાંમાં તુ કાંહથી આયવો! રહતામાંથીજ ઉડી આયવો હું!

ગુસતાદ——બાપના ટમ, ટમેં બીહરાવાને કઠી હુકુ બોલોટ! હુંટો ટાહરનો આય ઓઠામાં ભરાયલો ટેઉં, ટાહરે પેટીમાં ટાહરે બંધ દિદા!

સુના——બાઈ હમે ગમે એમ કેહો, આતો ભૂતનો ચારો દેખું!

એતો મુવો હાંજ ભરાયલો. વ્હારે ઊજો પેટીમાં કોનને બઈ ગિયેલો !

શીરિન——હું શું જાણું ! મુવું આટલા દાહાડા કંઈ નહીં, ને આજેજ કાંહથી જુનાકેંથી ઉજરયુ !

ગુસ્તાદ——[હસીને] અરે વાહવાહી વાહવા ! મઠા [કુદીને] પડી ! મઠા પડી ! ગ્હારે બદલે ટોઈ બીઠાને પેટીમાં બંધ કિઠા, ને આપડે તો બા બટી ઠીગા !

સુના——મરે આય હું કોતક ! [ગુસ્તાદને] હવે જાની બાપુ, પતની ! વ્હારે પેરે બારે જાની ! [ટચાકરી ફોડીને] હારેમન પર લાનત ! હારેમન પર લાનત ! હકહતે હકહતે હેતાન, હકહતે હકહતે હેતાન !

ગુસ્તાદ——હું ટેહટાન નટી ટે પડું ! હુંટો દાદહરા દીવનો ને હુંવારો હુટટાટહી ટેકું !

[સુના ચિરડાઈને હિમ્મત કરી, આંગપર ધસી, સપાટે ગુસ્તાદને મારેછ.]

સુના——હત તું મરે મુવા ચોર ! હાંજનો દુખ દેયને ભમાવવા કરે !

ગુસ્તાદ——બાપના ટમ, પેલી પેટીમાં ટહમેં ટોનને બંધ કિઠા, ટેઠાઈને પાટો આંઉટ ?

[ગુસ્તાદ જાયછ, સુના પીઠપર સપાટ મારી, બારણું બંધ કરી સ્ટૉપર દેછ, શીરિન આવીને બારિયેથી જોયછ.]

શીરિન——આય સું મુવો ચાલ્યો ! મૂવો ભૂતબી નથી ને શેતાનબી નથી !

સુના——વ્હારે ભૂત ન્હીં હોય, તો ઊજો કોણની કરહી બઈ ગિયેલો ?

શીરિન——મરે હુંબી તેથીજ ગભરાઉંછ કે એ છે શું ! કંઈને કંઈ ઘોંટાલો છે ખરો ! હવે ઊજો આવે તો ખબર પડે.

સુના——ઊજો કંઈ કાચું કામ ન્હીં કરે તો ! કરહે તો પાકુંજ કરહે.

શીરિન——પણ શું પાકકું કરે ! મુવો હારેમન તો ગઈ ગિયો, ને

હારૈમનને બદલે કોણ જાણે કોન ફરેશ્તો અંદર સપડઈ ગિયો (જોઈને) ઓ લે, હીજો આયો!

[શીરિન જમની બાજુના વચલાં બારણાં આગળ જઈ બારણું ઠુંગારેછ, હીજો આવેછ.]

કેમ હીજા?

હીજો——હવે બે ફિકર રેહો. અંધારી રાત છે, તેથી હવડાં તો ઓટલાપર કોઈ જોવાનું નથી, પણ બામદાદમાં ચોક ચાદન કરતી વખ્તે કોઈને જણાહે, ત્હારે કમરકાકરી કાકાની ખેવડી થહે!

શીરિન——અરે એ તું શું બોલેછ બઈ! તે તો હવડાં મુવો આય ઓરડામાંથી બરાયલો નિકલી આયો, ને હમે ધસકે મરી ગિયાં!

હીજો——હાચ્ચે?—હું નહીં માણવાનો! એ આ હુ પોંટાલો થાય, તે હમજ પડતી નથી છે.

શુના——અરે હારે હીજા, ખરી વાત! મુવાને બાહરે બાહરે મારીને મેં કાહડેલો, મુવો તો નફ્ત નાખે કેહકે જે "બાપના ટમ, હું પાટો આઊંટ!"

હીજો——ત્હારે તો બઈ ત્હમને ખરેખરાં ભૂતેજ પેરેલાં! બગાર તરે બરે છાંટો, ભુતારૂં ઉતરેલું, તેથી હંધાને બમાવવા કરે!

શુના——પણ હેડ હજુર આવવા નહી, તેનુ કેમ? હામાન આપા ગિયાનેબી જુગ થઈ ગિયેલા! બવરૈ રે એ પેર! હેડ આવેને બાલી કરી લાખજો હં બાઇ!

શીરિન——સેઠને લિધે બલાપામાં પડીછ તો! કે મદઇને તેવણને તો નહીં બમાવ્યા હોય!

[વચલું જમની બાજુનું બારણું ઠોકવાનો અવાજ આવેછ, બધાં ચોંકેછ.]

એ કોન માણકશા કે ?

[હીજો બારણા આગલ જાયછ, ને બારણું હુગાડી માણકશાને પગથી તે માથાં સુધી વરસાદના પોશાકમાં હાથમાં કાગલ લઇ ને આવેલા જોયછ; હીજો માણકશાને ઓલખ્ખતો નથી.]

હીજો——હું છે બાઇ, કાંહથી આયવો ?

[માણકશા મુગા હોય તેમ બબરીને પેલું કાગલ હીજાના હાથમાં આપેછ.]

અંદર આવ બાઇ.

[હીજો માણકશાના હાથમાંથી કાગલ લઇ માણકશાને અંદર સાથે લાવી, કાગલ શીરિનને આપેછ.]

એતો કોઇ બિચારો મૂગો છે, ને કાગલ લાઇવોચ !

[શીરિન કાગળને બબરાટમાં ઉઘેડછ.]

શીરિન——મરેરે ધુજરાં છૂટેછ ! રખેને માણકશાનું કાગળ હોય ! હાવી મોડી રાતે કાગળ બીજું કોનનું આવે ? [કાગળમાં જોતાંજ] આય શું, અક્ષર તો માણકશાનાજ છે ! [વાંચેછે] પ્યારી પણ અકારી શીરિન,—આય શું, કંઇ મોહકાન થયલી લાગેછે !   [શીરિન ચુપચુપ વાંચેછ.]

માણકશા—[સ્વગત] હં ! હવે ધસકો પડયો !

[હીજો સુનાને ઇશારાથી માણકશા ઉભાછ તે તરફ તેડીને પુછેછ.]

હીજો——બાઇ કેહ કે મોહકાન થયલી, તે હું ?

[સુના હીજાને ચુપ રેહવા કહી શીરેનનું મોહડું જોયછ.]

માણકશા—[સ્વગત] હં ! હવે ગામડયાના પેટમાં ગબડી ચાલી !

સુના——પેલો મુવો આવેલો, તે હેઠને ખબર થયલી લાગે !

માણુકશા—[સ્વગત] પેલો કોન? ગામડયો તો આંજ છે, ત્હારે વલી બીજો કોન મુવોછ!

શીરિન———[વાંચતાં અચરત થઇને] ઓવાય મરેરે! હવે કેમ કરે! બે તન વખત કેથા માણકશા આયા દેખું, ને પેલા મુવાના પેઠામાં તેવન કુંટઈ ગિયા!

હીરજી———[અજબ થઇને] ઇયે તેની! એમ કેમ થયલું!

શીરિન———[સુનાને] આપણે તો હીજાને મદદ ને હિમ્મતને સાથે રાખ્યો, ને તેવનતો હીજાને જોઇને બ્હેમાયા દેખું!

[શીરિનના હાથ ધ્રુજેછ.]

સુના———હાય હાય!

શીરિન———[ઘભરાટમાં] બીજું લખેછ, કે [સાંધણ શોધેછ.]

માણુકશા—[સ્વગત] અરરર! ત્હારે તો કંઇબી પેંટાલો ગુચવાડો થયલો લાગેછ!

શીરીન———[વાંચેછ] "મેં ત્હમુને ઘણાબી હાંક મારયા, પણ ત્હમારો જવાબજ નહીં મલ્યો હતો." [સુનાને] મરે બીહીકથી આપણે બબરચીખાનામાં ભરાયા કિધાં, તેથી સાદ આપણા સાંભલવામાં નહીં આયો:

[સાંધણ શોધેછ.]

માણુકશા—બસ. બરોબર! કંઇબી ધાંમટ ગુચવાડોજ થયલો છે.

શીરિન———[વાંચેછ] આવતી વખતે હું સ્ટેશનપરજ મ્હારાં કપડાંની પેટી પોર્ટરને સોંપી આયો હતો, તેજ પેટીમાં બેશી, ઘેરમાં શું ઘોંટાલો છે, તે જાણવા, હું તીજી વખત ઘેરમાં આયો હતો. [સુનાને] ઓ વાય મરેરે મેં શું કિધું!

[સાંધણ શોધેછ]

હીરજી———ત્હમેંતો કંઇ નહીં કિધેલું, પણ મેં તો કેહરી જમાડેલી તેનું કેમ?

શીરિન———[વાંચેછ] મેં પેલા ગામડયાને કેટલી વખત કહ્યું, કે હું માણકશા છેઉં, હું શીરિનબઇનો ને ઘેરનો ધણી થાઉં, પણ પેલા બૂબક ગામડયાએ—[અક્ષર ઉકલારેછ]

હીજો——-એ બૂબખ, ગપેરો, હઉજતો!

શીરિન——મ્હારૂં કંઈ નહીં સાંભળ્યું, ને મ્હને પેટી મુધ્ધાં ઉંચકી કોઇના ઓટલાપર લઈ જઇ નાખ્યો! પેટીમાંની મ્હારી બૂમથી એક ઘરડો ડોસો ખડકીમાંથી બાહર નિકળી આયો, અને તેને મ્હને બાહાર કાહાડી, ઓળખ્યાથી તથા સઘળો ખુલાસો જાણ્યાથી, મ્હારો છુટકો થયો હતો. પેલા ધામટ જેહવા પારકા શખ્સને, તથા પેલા લુચ્ચા ગામડયાને,— [અક્ષર ઉકલાવેછ]

હીજો——-હાર માયરા તો મારા બાપ!

શીરિન——ઘેરમા જેવાથી, તથા મ્હારા બુગ હાલ થવાથી, કાંઈ બુરા વિચારે મ્હારા મગજમાં વાસો કિધોછ, અને તેહવા સમયે મારા વ્હાલી સામે આવવાથી કાંઈ માંઠુ પરિનામ નિપજે, તેથી લગીને મ્હને જણાવવું, કે ઘેરના ગુચવાડાનો એ શું સબબ છે?

લા. ગુજરેલી હેકિ્યતના ખુલાસા માટે અધીરો તથા ઇંન્તેજાર, માણક.

[શીરિન અધીરી થઇ પૂછેછ]

ભઈ, શીદ કાંહ છે? [માણકશા, ઇશારાથી, હૂરછે હેવું જણાવેછ.]

મરે એવી મુવો મ્હારે નસીબે મૂગો મળ્યો!

માણકશા—[સ્વગત] ચોપર! ચોપર! હજૂર અંગૂરી હોશે!

શીરિન——વારૂં ભઈ, તુને ચિઠ્ઠી આપું તે લઈ જશે!

[માણકશા ડોકું હિલવી હા કેહછ]

હીજો——-ઘયે! એ હાંભલે, ને બોલતો કેમ નથી?

[શીરિન લખવા બેશેછ. ગુસ્તાદ, જમણી બાજુના વચલાં બારણાંમાંથી આવતે આવી, બાગીની કરટન પાછળ ભરાયછ, જેની ઉપર ફકત માણકશાની નજર પડેછ.]

માણુકશા—(સ્વગત) અરરર! આય બચ્ચી મોહકાન કાકા કોચાંવાટરની દેખુ? ઈનિક્રમ ટેક્ષનો હુઘડાવતો મરે. તે કેયો એ તો આય ટેક્ષ હુઘડાવી મરતો દેખું! ઉભો રેહ બચ્ચા, હવે તુ સપાટામાં આયોછ!

હીજો———બઈ તુ હેડને મ્હને દેખાડહે? હેડ આગળ હું આઉ!

[માણકશા ઈશારતથી ના કેહછ, ગુસ્તાદ બીહીને ન્હાસવા જાયછ, તેની પર હીજાની નજર પડવાથી દોડીને પકડેછ, સર્વે ઘભરાયછ]

હત ત્હારે હવ્વાનાહ થાય ત્હારે!

[પેટમા ઠોંસો મારેછ.]

ગુસ્તાદ——ઓ બાપે! [ગુસ્તાદ બુમ મારેછ.]

હીજો———આય બયો ત્હારો ઘોંટાલો છે.

[હીજો ગુસ્તાદને પટકીને નીચે નાખેછ, શીરિન તથા સુના ચિરડાઈને ગુસ્તાદને ખાસડે મારેછ.]

ગુસ્તાદ——બાપના ટમ, મરી ઠવ્વટ!

શીરિન——મુવા મેડ, ત્હારે લિધે મ્હારો સુબા જેહવો ધણી કુટઈ ગિયો, તુ મરે!

સુના———મુવા ધામટ, ભેજું પોચું થયલું, તે કપાલ પર જલો મુકાવની!

હીજો———તો ત્હારે હવ્વાનાહ થાય! તુને હમજીને મેં હેડને માયરા કિધેલા, તે હવે હેડને મ્હોડું હું દેખાડહ!

માણુકશા—[સ્વગત] બરોબર, હવે સમજ પડી! આ તો ગુસ્તાદે બધું ધામટ કીધેલું દેખું!

શીરિન——હીજા, શેઠ આવે ત્હાં સુધી મુવાને છોડતો ના. હવડાં આય બિચારો ચિઠ્ઠી લઈ જશે, ને શેઠ આવી લાગશે. મેં બધો ખુલાસો લખ્યોછ.

[માણકશા ડગલો ટોપી કાહડી નાખેછ, બધાં ચોંકેછ.]

માણુકશા—બરવો ખુલાસો જલ્દી સુણોછ.

[હીજો બીહેછ, શીરિન માણુકશાને વલગી પડેછ, ગુસ્તાદ ધ્રુજેછ.]

શીરિન——ઓ હું મઇરે ત્હમારી ઉપરથી!

માણુકશા—[ગલે લગાડી] કંઇ નહીં, એ બધો મ્હારો વાંક છે! ખુદાયે મ્હને વાજબીજ સજા કિધીછ, ત્હારા જેહવા ખાલેસ દિલની ધણીઆણીનો ધણી થવા છતાં, સંસાર સુખપર ધ્યાન નહીં આપી બાહર ભટકવા કરૂંછ!

[હીજો બીહતાં બીહતાં માણુકશાનો મિજાજ તપાસવા સારૂં સાહેબજી કરી જોવછ.]

હીજો——હાએબ મેહરબાન હેઠ!

[માણુકશા ડોકું હિલવીને અખાડા કરી, ગુસ્તાદ તરફ ધિક્કારની નજરથી જોવછ.]

માણુકશા—કેમ કાકા, ત્હમુને શરમ નહીં આવી, કે કોઇ બાઇ માણસને એકલી જોઇને ઘેરમાં ઘુસી આવા?

ગુસ્તાદ——[ધ્રુજીને] ઠી. હું ટો ટેની—ટે-બાપના ટમ, ટાકુંઠ ટેહુંટ,—

માણુકશા—ત્હમેં ટેક્ષના બીજ એમ હુગડાવોછ કે?

હીજો——ત્હારે હરકારે જે ઇનકમ ટેક્ષ નાખેલો, તેનો હપતો એવન હુઘડાવતા દેખું? [પેટમા ઠોંસો મારી] તો લેની મ્હારા બાપ, આય મ્હારોબી હપતો!

[ગુસ્તાદ બુમ મારેછ.]

ગુસ્તાદ——બાપના ટમ, મરી ઠીયો મ્હારા બાપ!

માણુકશા—બઇ, જવા દે, હેના મગજનું ઠેકાણું કાંહ છે?

ગુસ્તાદ——[ટોપી ઉતારી શીરિનબાઈ પાસે માફ માંગેછ] હું ટો શેઠ ટહમુને એટલાં ફરટાં ઠોઇને ડમઠીયો, ટે ટહમેં ટોઈ *કરાબ બેરી હેટો—પણ હવે હું માંપ માંઠુંટ, ને પડે લાઠુંટ.

શીરિન——જોવો આય એકલાં ફરવાની મોહકાન! ત્હમેં સાથે લઇ જતા હોતે, તો કોઈ હેવી અલપચારી કરતે! જેમ દોસતદાર સાચવો, તેમ ઘેરબી સાચવો.

માણુકશા—તુ ના બોલ. ધક્કા ખાયા છતાં, ને છટકાંમા આવેલા

ઉદરના જેહવા ખુશ હાલ થયા છતાં હું નથી બોલતો, તેનું કારણજ એ, કે તુને હાવી જગાપર એકલી મેલી, નહીં જવું હતું

હીજો———એમ ખરૂં કે બાપા? આલ ત્હારે તો આપણે છુટા! ત્હારનો મ્હારો દમ તરેનો તરે, ને ઉપરનો ઉપર ઉતો, કે આપણા હું હાલ થહે! પણ ત્હમેંજ ત્હમારી ભુલ કબુલા, એટલે બહ! હવે!

શીરિન———સુના લાવ પેલું ઘડિયાલ ને છેડો, ને આપ કાકા ચ-ગડાલને.

[સુના ઘડિયાલ છેડો લેવા જાયછ.]

માણકશા—કાકા કોલાંવાટર, ત્યારે શું કોઇ બૈરી એકલી મળે, તે ભગભજ હોય કે?

ગુસ્તાદ———નહીંકી, માપ ટરો.

[સુના ઘડિયાલ છેડો લાવી માણકશાને આપેછ.]

માણકશા—હીજા, આપ આય ગુસ્તાદજી ઘામટને, ને લાત મા-રીને બાહર કાહડ, કે ફરીથી કોઇની બાઇ બેટીપર બુરી નજર નહીં રાખે!

[માણકશા આપેછ તે છેડો ઘડિયાલ લઇ હીજો ગુસ્તાદના ગજવામાં મુકેછ, ને પીઠપર લાત મારી બાહર કાહડી, સ્ટેજ પર દેછ.]

હીજો———નિકર ત્હારૂં હત્યાનાહ થાય ત્હારા ઘામટનું!

[હીજો આવી સલામ કરેછ]

માણકશા—હીજા, તેં મ્હારી કુન્દી કરવામાં કંઈ બાકી નથી રાખ્યું, પણ ગુસ્તાદજીએ ઘામટ કરવાથી તેમ બન્યુંછ, એટલે ગુસ્સો કરવાને બદલે હું ખ્હાગીથી ખુશ છું. [શીરિનને] સારૂં થયું કે વાટર પ્રૂફ કોટ વેટિંગ રૂમમાં ભૂલી ગયોતો, તે આય વખતે કામ આયો!

સુના———જી એ મ્હારી માહીનો દીકરો થાય! ઓલો ઘાંમટજી, અરે ગુસ્તાદજી આવેલો, ને બાઇ ઘભરઇ ગિયેલાં, તેથી મેં હેને બોલાવીને ત્હમેં આવો, ત્હાં હુધી રાખેલો.

શીરિન——ખરેખર! પોટાળો તો પેઆ સુવાને જિવે થયો, પણ હીજાથી હમુને હિમ્મતનો ઘણી હતી.

હીજો———હેઠ, હવે એ ખાંમટના પોંટાલામાંથી મોકળા થવા પછી મ્હારી વિન્તી છે, કે કંઈ કુટિયાંની મદદ કરી, મ્હારી હુના હાથે મ્હારા બ્યાહ કરી આપો! બીબીજાનની ઠેકાણે પડલી ને હવે મ્હને ઠેકાણે પાડો.

માણુકશા—ઠીક છે, જો ત્હમેં બંને રાજી છેવા, તો તેમ કરવાને હુંબી ખુશી છું.

હીજો———ને ત્હમેં ખુશી થહો, તો પછી ટેહમલા મામાતો ખચીતજ ખુશી થવાના.

માણુકશા—પણ તુ પણ્યા પછી મ્હારી ખાતરી બરી ખિદમત કરશે કે?

હીજો———[તમાશગીર તરફ હાથ કરી] અરે હેઠ, આ આખ્ખું ગામ જાણે, કે મેં કેહવી ખિદમત કિધેલી? ને વઈ ફરી ખાંમઠ પોંટાલો નહીં થાય, તે માટે વખત આવે ત્હારે હીજો ત્હમારી ખાતરી કરી આપહે!

ખતમ.
